

# ગરમીમાં પર્ફેક્ટ આઈમેકઅપ

ગરમીમાં જલદ તડકો, પરસેવો અને ઓઈલી સ્કિન સૌથી પહેલાં આપણાં આઈમેકઅપને ખરાબ કરે છે. થોડી વારમાં જ કાજલ પ્રસરી જાય છે, આઈલાઈનર સ્મજ થઈ જાય છે પરંતુ જો યોગ્ય પ્રોડક્ટ અને યોગ્ય ટેક્નિક અપનાવવામાં આવે તો ગરમીમાં પણ લોન્ગ લાસ્ટિંગ આઈ મેકઅપ મેળવવો



એકદમ સરળ છે.

આજકાલ માર્કેટમાં ઘણી બ્યૂટી પ્રોડક્ટ્સ મળે છે જેનાથી મેકઅપ લાંબો સમય ટકે છે પરંતુ તે ઘણી મોંઘી પણ હોય છે. તમે અહીં દર્શાવેલા સ્ટેપ્સ અનુસરી પર્ફેક્ટ આઈમેકઅપ કરી શકો છો.

## આઈ પ્રાઈમરથી મેકઅપનો મજબૂત પાયો બનાવો

**શેનો ઉપયોગ કરશો?**
મેટ અથવા ઓઈલ ફ્રી આઈ પ્રાઈમર.

**ફાયદો**
આંખોની પાંપણ પર વટાણાના દાણા જેટલું પ્રાઈમર લઈ આંગળીઓથી હળવેથી થપથપાવી આખા આઈ લિડ પર ફેલાવો. એને બરાબર સેટ થવા દો.

**શા માટે જરૂરી છે?**
ગરમીમાં આઈલિડ્સ જલદી ઓઈલી થઈ જાય છે. આઈ પ્રાઈમર વધારાના ઓઈલને કન્ટ્રોલ કરે છે અને આઈશેડો પ્રસરતાં અટકાવે છે. એનાથી મેકઅપ લાંબો સમય ટકે છે અને આંખો પર કલર વધારે ઊભરીને દેખાય છે.

## ક્રીમ અને પાઉડર આઈશેડોની પસંદગી

**શેનો ઉપયોગ કરશો?**
ઓઈલી સ્કિન માટે પાઉડર આઈશેડો અને ડ્રાય સ્કિન માટે ક્રીમ આઈશેડો.

**કેવી રીતે લગાડશો?**
બ્રશ કે આંગળીથી હળવેથી આઈશેડો લગાડો. લેયરિંગ ન કરો.

**ફાયદો**
ક્રીમ આઈશેડો ત્વચા સાથે બરાબર ચીપકી જાય છે જ્યારે પાઉડર આઈશેડો પરસેવો અને ઓઈલ શોષી મેકઅપ ખરાબ થતો અટકાવે છે. યોગ્ય પસંદગી આઈ મેકઅપને વોટરપ્રૂફ બનાવવામાં મદદ કરે છે.



## સ્મજપ્રૂફ મસ્કરા

**શેનો ઉપયોગ કરશો?**
વોટરપ્રૂફ મસ્કરા

**કેવી રીતે લગાડશો?**
ઝિગઝેગ મોશનમાં એક કે બે કોટ લગાડો.

**ફાયદો**
આ મસ્કરા પરસેવો કે પાણીમાં પણ પ્રસરતો નથી અને પાંપણોને ખૂબસૂરત વોલ્યુમ અને લંબાઈ આપે છે.

## અંડર આઈ ઓઈલ કન્ટ્રોલ કરવું જરૂરી

**શેનો ઉપયોગ કરશો?**
લાઈટવેટ કન્સીલર અને ટ્રાન્સલુસન્ટ પાઉડર

**કેવી રીતે લગાડશો?**
કન્સીલર લગાડ્યા બાદ હળવા હાથે પાઉડરથી સેટ કરો.

**ફાયદો**
અંડર આઈ એરિયા ઓઈલી દેખાતો નથી અને કાજલ તથા આઈલાઈનર સ્મજ થતાં અટકાવે છે.

## આઈશેડો સેટ કરો

**શેનો ઉપયોગ કરશો?**
ટ્રાન્સલુસન્ટ પાઉડર કે લાઈટ ન્યૂડ આઈશેડો.

**કેવી રીતે લગાડશો?**
ક્રીમ આઈશેડો લગાડ્યા બાદ ઉપર પાઉડરનું લાઈટ લેયર કરો.

**ફાયદો**
આ સ્ટેપ બહુ જરૂરી છે કારણ કે એનાથી આઈશેડો ક્રીઝમાં જમા થતો નથી. પરસેવો થાય તો પણ કલર પોતાની જગ્યાએ રહે છે આંખ લાંબો સમય ફ્રેશ દેખાય છે.

## વોટરપ્રૂફ આઈલાઈનરથી શાર્પ આઈલુક

**શેનો ઉપયોગ કરશો?**
જેલ, પેન કે લિક્વિડ વોટરપ્રૂફ આઈલાઈનર

**કેવી રીત લગાડશો?**
શરૂઆતમાં પાતળી લાઈન લગાડો.

**ફાયદો**
વોટરપ્રૂફ આઈલાઈનર ગરમી, ભેજ અને પરસેવામાં પણ ફેલાતું નથી. એનાથી આંખનો શેપ સ્પષ્ટ દેખાય છે અને લુક વધારે ડિફાઈન્ડ લાગે છે.

## સ્મજ પ્રૂફ કાજલ

**શેનો ઉપયોગ કરશો?**
વોટરપ્રૂફ અને સ્મજપ્રૂફ કાજલ

**કેવી રીતે લગાડશો?**
આંખની વોટરલાઈન પર હળવેથી લગાડો અને આંખ વારંવાર ચોળો નહિ.

**ફાયદો**
ગરમીમાં સામાન્ય કાજલ ફેલાય જાય છે જ્યારે વોટરપ્રૂફ કાજલ આંખ નીચે કાળા ધબ્બા પડવા દેતું નથી અને મેકઅપને સ્વચ્છ રાખે છે.

## સેટિંગ સ્પ્રેથી મેકઅપ લોક કરો

**શેનો ઉપયોગ કરશો?**
મેટ ફિનિશ સેટિંગ સ્પ્રે અને બ્લોટિંગ પેપર.

**કેવી રીતે લગાડશો?**
મેકઅપ પૂરો કર્યા બાદ ચહેરાથી થોડા અંતરેથી સેટિંગ સ્પ્રે કરો.

**ફાયદો**
સેટિંગ સ્પ્રે મેકઅપને લોક કરે છે અને દિવસભર ફ્રેશ રાખે છે.

